દાખલ તારીખ : ૨૬/૧૧/૨૦૨૪
રજી. લીધા તારીખ : ૨૬/૧૧/૨૦૨૪
ફેંસલ તારીખ : ૦૧/૦૭/૨૦૨૬
સમયગાળો: ૦૧ વર્ષ ૦૭ માસ ૦૫ દિવસ

=======================================

**આંકલાવ મહે. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુકામ : આંકલાવ.**

=======================================

ફો. કેસ નં.૭૬૫/૨૦૨૪
આંક :–

**ફરીયાદી : શ્રી સરકાર**

**વિરુધ્ધ**

**આરોપી : કિશનભાઈ રાવજીભાઈ માળી**
રહે.ભેટાસી, બા–ભાગ નહેર પાસે,
તા.આંકલાવ, જી.આણંદ

---

**ગુન્હો : ધી ગુજરાત પ્રોહીબીશન ધારાની કલમ–૬૫(એ)(એ) મુજબ**

---

સરકાર તર્ફે : વિ.એ.પી.પી. શ્રી એસ.કે.રાવલ
આરોપી પક્ષ તર્ફે : વિ.વકીલ શ્રી એસ.આર.પરમાર

---

**–:: ચુકાદો ::–**

(૧) આ કામે ફરીયાદપક્ષ તરફથી ફરીયાદ હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૪/૦૯/૨૦૨૪ ના રોજ કલાક ૧૬/૩૦ વાગ્યાના સુમારે મોજે ભેટાશી બા ભાગ નહેર પાસે વગર પાસ પરમીટનો ૧૬ લીટર જેટલો દેશી દારૂ પોતાના કબજા ભોગવટામાં કિં.રૂા.૩૨૦૦/– નો રાખી જાહેરમાંથી મળી આવી ગુનો કરેલ હોય, ધી

ગુજરાત પ્રોહીબીશન ધારાની કલમ–૬૫(એ)(એ) મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ છે. સદર ફરીયાદના આધારે તપાસ કરનાર અમલદાર તપાસ પૂર્ણ કરી અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરેલ.

(૨) ત્યારબાદ આરોપીને સમન્સ કરતા અને જે બજી જતા આરોપી હાજર થયેલ અને બી.એન.એસ.એસ.કલમ–૨૩૦ મુજબ આરોપીને પોલીસ પેપર્સ આપવામાં આવેલ હોવાનુ ખાતરી કરવામાં આવેલ. ત્યારબાદ સદર કામે **આંક–૦૩** થી આરોપી સામે તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને તહોમતનામાના અનુસંધાનમાં આરોપીની **આંક–૦૪** થી પ્લી લેવામાં આવેલ છે. જેમાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરી ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરેલ છે. જેથી ફરીયાદપક્ષે આરોપી સામે તહોમતનામા મુજબનો ગુનો પુરવાર કરવા માટે નીચે જણાવ્યા મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

(૩) ફરીયાદપક્ષ તરફ થી પોતાનો કેસ સાબિત કરવા નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવા :–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | પંચ સાહેદ રતીલાલ નારણભાઈ પરમારની જુબાની | ૦૯ |
| ૦૨ | પંચ સાહેદ અરવિંદભાઈ કાળીદાસ માળીની જુબાની | ૧૧ |
| ૦૩ | ફરીયાદી એ.એસ.આઈ. જીલુભાઈ ભાણાભાઈ ભરવાડની જુબાની | ૧૨ |
| ૦૪ | ત.ક.અ. અ.હે.કો. છગનભાઈ સાલમભાઈ ચૌહાણની જુબાની | ૧૪ |

**દસ્તાવેજી પુરાવા :–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | મુદ્દામાલ કબજે લીધેલાનું પંચનામું | ૧૦ |
| ૦૨ | ફરીયાદ | ૧૩ |
| ૦૩ | એફ.એસ.એલ. રવાનગી પત્રક | ૧૫ |

(૪) ફરીયાદપક્ષ તરફે આ સિવાય અન્ય કોઈ મૌખિક કે લેખિત દસ્તાવેજી પુરાવો રજુ કરવા માંગતા ન હોય એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતી પરથી ફરિયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ બી.એન.એસ.એસ.કલમ–૩૫૧ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાઈ નહિં આવતાં આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫) ઉપરોકત હકીકતે કેસના ન્યાયિક નિર્ણય અને નિકાલ સારૂં નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત છે.

**:: મુદ્દાઓ ::**

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૪/૦૯/૨૦૨૪ ના રોજ કલાક ૧૬/૩૦ વાગ્યાના સુમારે મોજે ભેટાશી બા ભાગ નહેર પાસે વગર પાસ પરમીટનો ૧૬ લીટર જેટલો દેશી દારૂ પોતાના કબજા ભોગવટામાં કિં.રૂા.૩૨૦૦/– નો રાખી જાહેરમાંથી મળી આવી ધી ગુજરાત પ્રોહીબીશન ધારાની કલમ–૬૫(એ)(એ) મુજબના શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે.

૧. નકારાત્મક.

૨. આખરી હુકમ મુજબ.

**:: કારણો ::**

**<u>મુદ્દા નં.૧ અને ૨ :–</u>**

(૭) ફરિયાદ પક્ષે મુદ્દામાલ કબજે કરેલાનું પંચનામું **આંક–૧૦** થી રજૂ કરેલ છે. સદર પંચનામાના પંચ સાહેદ રતીલાલ નારણભાઈ પરમારને **આંક–૦૯** થી તથા પંચ સાહેદ અરવિંદભાઈ કાળીદાસ માળીને **આંક–૧૧** થી તપાસેલા છે. સદર પંચ સાહેદોની જુબાની વંચાણે લેતાં તેઓએ માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલાનું જણાવે છે. પંચનામાની વિગતો અંગે તેઓને કોઈ માહિતી ન હોવાનું ફલિત થાય

છે. સદર પંચસાહેદો ફરી ગયેલા છે અને વિ.એ.પી.પી.શ્રીની વધુ તપાસમાં પણ ફરીયાદ પક્ષના કેસને મદદરૂપ થાય તેવી જુબાનીઓ આપતા નથી. આ સંજોગોમાં પંચનામાની વિગતો પુરવાર થતી ન હોય મુદ્દામાલ આરોપીના કબજામાંથી મળી આવ્યાની હકીકત શંકાસ્પદ બને છે, જેનો લાભ આરોપીને મળવાપાત્ર બને છે.

(૮) ફરીયાદપક્ષે ફરીયાદી એ.એસ.આઈ. જીલુભાઈ ભાણાભાઈ ભરવાડ નાઓને **આંક–૧૨** થી તપાસી **આંક–૧૩** થી ફરીયાદ રજુ કરેલ છે તેમજ ત.ક.અ. અ.હે.કો. છગનભાઈ સાલમભાઈ ચૌહાણ નાઓને **આંક–૧૪** થી તપાસી **આંક–૧૫** થી રવાનગી પત્રક રજુ કરવામાં આવેલ છે. અત્રે એ નોંધ લેવી ઘટે છે કે, હાલના કામે તપાસનીશ અધિકારીએ પોલીસ સાહેદો સિવાય કોઈ સ્વતંત્ર સાહેદના નિવેદનો લીધેલ નથી તેમજ તેમની જુબાનીમાં ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન કારક પુરાવો આપેલ છે, પરંતુ બંને પંચ સાહેદોએ ફરીયાદ પક્ષની તરફેણમાં લેશમાત્ર પુરાવો આપેલ નથી, પંચ સાહેદોએ માત્ર પંચનામામાં તેમની સહી ઓળખી બતાવેલ છે. આમ, ત.ક.અ.શ્રી ના પુરાવાને બંને પંચ સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતું નથી. વધુમાં બનાવવાળી જગ્યાની પરિસ્થિતિ જોતાં સ્વતંત્ર સાહેદો સહેલાઈથી ઉપલબ્ધ થઈ શકે તેમ હતા, તેમ છતાં કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. આમ, આ કામે તટસ્થ અને સ્વતંત્ર સાહેદી પુરાવાનો અભાવ છે. સદરહું કામે પોલીસ સાહેદોની જુબાનીને અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોની જુબાનીથી કોઈ સમર્થન મળેલ નથી તેમજ બંને પંચ સાહેદોના પુરાવાથી ફરીયાદ પક્ષને લેશમાત્ર સમર્થન મળતુ નથી, એવા સંજોગોમાં માત્ર પોલીસ સાહેદોની જુબાની ઉપર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી તેમજ પંચોની હાજરીમાં પંચનામામાં જણાવેલ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોય તેવું ફરીયાદ પક્ષના પુરાવાથી સાબિત થતું નથી.

(૯) હાલના કામે કેસની હકીકત જોવામાં આવે તો, ફરીયાદ પક્ષે પોતાનો કેસ યોગ્ય રીતે સાબિત કરવા માટે ગુનાવાળી જગ્યાની આજુબાજુમાંથી ઘણા સ્વતંત્ર

વ્યકિતઓને સાહેદ તરીકે તપાસના કામે તપાસી શકયા હોત અને તેમ કરવાથી તેઓ પોતાનો કેસ વધુ સારી રીતે સાબિત કરી શકયા હોત. પરંતુ હાલના કામે તેવુ કાંઈ કરવામાં આવેલ નથી જે શંકાને સ્થાન આપે છે. આમ, સદર કેસની ન્યાયિક કાર્યવાહીના અંતે ફરીયાદ પક્ષના કેસમાં ઘણી ક્ષતીઓ અને વિરોધાભાસી હકીકતો જણાઈ આવે છે. આમ, તમામ હકીકતો ધ્યાને રાખતા આરોપી વિરુધ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ છે.

(૧૧) ભારતીય સાક્ષ્ય અધિનીયમની કલમ-૧૦૪ વંચાણે લેતાં ફરીયાદ પક્ષનો કેસ સાબિત કરવાનો બોજો ફરીયાદ પક્ષના શીરે છે, પરંતુ હાલના કામે તમામ હકીકતો, સંજોગો તથા રેકર્ડ ધ્યાને લેતા ફરીયાદ પક્ષ પોતાનો કેસ નિ:શંક પણે સાબિત કરવામાં તદ્દન નિષ્ફળ ગયેલ હોવાનું તથા ક્રિમીનલ જ્યુરીસ્પ્રુડન્સના સિધ્ધાંત મુજબ મળવા પાત્ર શંકાનો લાભ મેળવવા આરોપી હકદાર થતા હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવું છે. જેથી તેનો લાભ આરોપીને મળવા પાત્ર હોય, ઉપરોકત મુદ્દા નં.૧ નો જવાબ 'નકાર' માં ઠરાવી મુદ્દા નં.ર પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -:: હુકમ ::-

(૧) આરોપી કિશનભાઈ રાવજીભાઈ માળી, રહે.ભેટાસી, બા-ભાગ નહેર પાસે, તા.આંકલાવ, જી.આણંદ નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૨૭૧(૧) અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૫(એ)(એ) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામે કબ્જે લેવામાં આવેલ મુદ્દામાલ દારૂનો અપીલ સમય વિત્યા બાદ નિયમ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીએ અગાઉ આપેલ જામીન તથા જાત મુચરકો બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ મુજબ અપીલ સમય સુધી ચાલુ રાખવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ : ૦૧, માહે : જુલાઇ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તા.૦૧/૦૭/૨૦૨૬
સ્થળ : આંકલાવ.

**(એ.બી.સિંઘવી)**
જ્યુડિશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
આંકલાવ
જજ કોડ જી.જે.૦૧૫૮૬

(M.M.Pathan)
Stenographer